# શિક્ષકના કારણે શાળા બદનામ થાય છે

સૌ કહે છે કે, સમય બદલાઇ ગયો છે, ત્યારે શિક્ષક પણ બદાલાતો જાય છે. આમછતાં શિક્ષકની સામાજિક ભૂમિકા જોતાં તે બદલાય તે સમાજને પાલવતું નથી. જ્ઞાનનો વિસ્ફોટ, વસ્તી વિસ્ફોટ અને અપેક્ષાનો વિસ્ફોટ થઇ રહ્યો છે, ત્યારે કેટલાક પોચા દિલના, માનસિક હતાશ, અવગુણોને સ્વીકારનાર, ઉપકારનો બદલો અપકારથી આપનાર, મૂલ્યોથી દૂર ભાગનાર શિક્ષકોનો પણ વિસ્ફોટ થઇ રહયો હોય તેમ લાગે છે. ઈસુ ખ્રિસ્તના શબ્દોમાં કહીએ તો, આ લોકો શું કરી રહ્યાં છે, તેનું તેમને ભાન નથી. સમાજ અને શાળા પણ આવા નિષ્ઠુર, નાપાક શિક્ષકો સામે લાચાર બની જાય છે. આમછતાં ક્યારેક સહન કરવાનું તો શાળાને જ આવે છે.

શિક્ષકને સમાજે સૌથી ઉચ્ચ આદર્શવાન ગણ્યા છે, માટે તો ગુરુની પૂજા થાય છે. બીજો એવો એકપણ વ્યવસાય નથી કે, જેમાં તે વ્યવસાયીની પૂજા થતી હોય. સારા અને ઉચ્ચ વ્યવસાય કહેવાતા ડૉક્ટર, વકીલ, પોલીસ, રાજકારણ, બેંક, વિજ્ઞાની કે અન્ય કોઇપણ વ્યવસાયના લોકોની ક્યારેય પૂજા કરવામાં આવતી નથી કે નથી નમન કરવામાં આવતું. લોકોને જીવડતા ડૉકટરનું મહત્ત્વ ઓછું નથી, તો લોકોની સુખાકારી માટે જીવન હોમી દેતા વિજ્ઞાનીઓનું પ્રદાન પણ ઓછું નથી, છતાં પૂજન તો શિક્ષકનું જ થાય છે, દિવસ તો શિક્ષકનો જ ઉજવાય છે. ત્યારે સ્વાભાવિક છે કે સમાજ શિક્ષક પાસે કેટલીક અપેક્ષા રાખે. શિક્ષકના નાના અમથા નકારાત્મ વર્તનની નોંધ સમાજ લે છે. આજે અહીં એવા કેટલાક શિક્ષક દ્વારા થયેલા નાના નાના વર્તનોની વાત કરવી છે, કે જે વર્તનને સમાજે સ્વીકાર્યું નથી અને બદનામી શાલાને વહોરવી પડે છે.

વાત એમ બની કે, એકભાઇને પોતાનું મકાન ભાડે આપવાનું હતું. ઘણાં લોકો મકાન જોવા આવ્યાં. તેમાં એક શિક્ષિકા બહેન પણ મકાન જોવા આવ્યાં. તેમને મકાન ભાડે રાખવાની પોતાની મરજી વ્યક્ત કરી. મકાન આપનારે વિચાર્યુંકે, અન્યને મકાન ભાડે આપવાં કરતાં શિક્ષિકાને જ મકાન ભાડે આપવું, ભલે બસોપાંચસો રૂપિયા ઓછું ભાડું આવે.(અહીં સમાજનો શિક્ષક માટેનો આદર્શ દેકાય છે.) શિક્ષિકા સાથે વાત થઇ, શિક્ષિકાએ કહ્યુંકે, અન્યને મકાન ન આપશો. મારે જ લેવું છે. શનિવારે હું ફરીથી તમને રૂબરૂ મળીને ડિપોઝીટ આપી દઇશ અને જેપણ શરતો કરવી હશે તે શરતો નક્કી કરી લઇશું. ગુરુવારે મકાન માલિક પર અન્ય એક વ્યકિંતનું મકાન ભાડે રાખવા દબાણ ઊભું થયું. મકાન માલિકે શિક્ષિકાને ફોન કરીને ફરી પૂછયું કે, તમે મકાન ભાડે રાખવા ના જ છો ને ? મારી પાસે બીજું દબાણ છે. ત્યારે પણ શિક્ષિકાએ કહેલું કે, કેમ આપણી વચ્ચે વાતચીત તો થયેલી છે. હું શનિવારે તમને મળવા પણ આવવાની જ છું ને! ત્યારે ફરી મકાન માલિકે તેમને કહેલું કે, મને પણ તમે શિક્ષક છો માટે મકાન ભાડે આપવામાં વધારે રસ છે, પણ તમારો વિચાર બે દિવસમાં બદલાયો તો નથી ને એ જાણવા જ તમને ફોન કર્યો હતો. હું મારી પર આવેલા દબાણને વશ નહીં જ થાઉં. શનિવાર આવ્યો. શિક્ષિકાએ આપેલા સમયે તે આવ્યા નહીં. એકાદ-બે કલાક રાહ જોયા બાદ મકાન માલિકે શિક્ષિકાને ફોન કર્યો. ફોન ન ઉપડ્યો. મકાનમાલિકે સમયાંતરે ઓછામાં ઓછા દસથી પંદર ફોન કર્યા પણ શિક્ષિકાએ ફોન ન જ ઉપાડયો. ત્યારે ઘરમાં અને પડોશમાં થયેલ ચર્ચા.... શિક્ષિકા આવું કરી શકે ? હવે તો શિક્ષક પર પણ વિશ્વાસ ન મૂકાય. જે શિક્ષિકા આવું કરે છે તે તેના વિદ્યાર્થીઓને કેવા સંસ્કાર કે મૂલ્યો આપતી હશે ? તેને મકાન ભાડે ન રાખવું હોય તો ના પાડી દે, પણ ફોન તો ઉપાડવો જોઇએ ને. આવું તો નિમ્નકક્ષાના માણસો જ કરી શકે. આ શિક્ષિકા બનવાને લાયક જ નથી વગેરે. મકાન માલિક જાગૃત હતા, તેમણે શિક્ષિકા જે શાળામાં નોકરી (ફરજ નહીં) કરતાં હતાં તે શાળાની વેબસાઇટ પરથી તે શાળાનો ફોન નંબર મેળવ્યો. શાળાની વેબસાઇટ પરથી જાણવા મળ્યું કે, અરે ! આ શાળા તો ખુબ જ સારી

છે, સેવા કરવાના ઇરાદાથી અમદાવાદના ગોતા વિસ્તારમાં સ્થપાયેલ છે, ટ્રસ્ટી મંડળ પણ લાયન્સ ક્લબ સાથે જ સંકળાયેલ છે. ખૂબ જ સારા ઉમદા હેતુઓ સાથે કામ કરતી આવી સંસ્થામાં આવા બોઘસ શિક્ષિકા બહેનની નિમણૂંક કરવામાં સંચાલક મંડળે કેમ કાચું કાપ્યું. અંતે શાળાના આચાર્ય સાથે મકાન માલિકે વાતચીત કરી કે, તમારી શાળા સહેજ પણ ખોટું કરતી નથી, સંસ્કાર, મૂલ્યો, પ્રવૃત્તિઓને વરેલી છે તે માટે અભિનંદન, પણ તમારી જ શાળામાં શાળા બહાર ખોટું બોલતાં, બોલીને ફરી જતાં શિક્ષિકા પણ છે, તેઓ બાળકોને મૂલ્યોના પાઠ કેવી રીતે શીખવશે ? તમારી સાથે કે અન્ય શિક્ષકો સાથે કે વાલી સાથે પણ આવું વર્તન નહીં કરતા હોય ? આચાર્ય બહેને જણાવેલ કે, આમાં શાળાનો શું વાંક ? તેમની વાત સંપૂર્ણ સાચી ચે, પણ બદનામ તો શાલા જ તાય છે. બહાર જ્યારે આ શિક્ષિકાની વાત થશે ત્યારે, કોઇ તે શિક્ષિકાના નામથી વાત નહીં કરે, પણ કઇ શાળાની શિક્ષિકા છે તે નામથી વાત કરશે. આમ શિક્ષકના વાંકે, શોષાવાનું તો શાળાને જ આવે છે.

બીજા એક બનાવમાં, એક શિક્ષકના પત્નીને ગાયનેક પ્રોબલેમ માટે એક ડૉક્ટરને ત્યાં દાખલ કર્યા. ડૉક્ટરે સારી રીતે ઇલાજ કર્યો. દવાખાનામાંથી રજા આપવાના દિવસે શિક્ષકે ડૉક્ટરને કહયું કે, મારી પાસે તમારા બીલ માટે સાત હજાર રૂપિયા ખૂટે છે. પગાર થશે એટલે હું આપી જઇશ. બાકી રાખો તો સારું વગેરે. ડૉક્ટરે પૈસા બાકી રાખ્યા. આ વાતને દોઢ વર્ષ થયું, ડૉક્ટરે પૈસાની ઉઘરાણી માટે શિક્ષકના ઘેર અનેકવાર માણસ મોકલ્યો. શાળામાં પણ માનસ ગયો. ડૉક્ટરે આચાર્ય સાથે વાત કરી. આજે પણ ડૉક્ટરના પૈસા આવ્યા નથી. હવે પૈસા બાકી રાખવાની કોઇ વાત નીકળે ત્યારે ડૉક્ટર દરેકને પેલા શિક્ષકનું જ ઉદાહરણ આપે છે, ત્યારે તે શિક્ષકની ઓળખ આપવા શાળાનું જ નામ અપાય છે. અહીં પણ પાડાને વાંકે પખાલીને દામની જેમ શાળા જ બદનામ થાય છે. અન્ય એક શિક્ષક સટ્ટો રમવાના શોખીન. દેવામાં ડૂબી ગયા. પહેલાં તો સ્ટાફમિત્રો પાસેથી ઉછીના પૈસા લીધા, પછી ટ્યુશન જાય તે વાલી પાસેથી અને ત્યારબાદ અન્ય વાલી પાસેથી. વાલીએ તો શિક્ષક છે તેમ માની મદદની ભાવનાથી પૈસા આપેલા. મુદત પૂરી થતાં પૈસા પરત ન મળતાં શરૂઆતમાં વાલીઓ ઉઘરાણી કરવા શાળામાં જતાં, અરે, આચાર્ય અને સંચાલકને પણ વાત કરી. આજે પણ ઘણાં વાલીના પૈસા પાછા આવ્યા નથી. ત્યારે વાલીઓ આ વાતની ચર્ચા પોતાની આસપાસ કરે જ છે. જેમાં ફલાણી શાળાના ફલાણા શિક્ષકે આમ કર્યું. બદનામ કોણ થયું ? શાલા જ થઇને ?

ઉપરોકત જેવા અનેક કિસ્સાઓ સમાજમાં બનતા જ હશે. દરેક કિસ્સામાં સમાજમાં શિક્ષક બદનામ નથી થતો એટલી બદનામ શાળા થાય છે. કારણ કે, આખો સમાજ શિક્ષકને ન ઓળખતો હોય, પણ શાળાને ઓળખતો હોય છે. જેથી આવી વાત ચર્ચાય ત્યારે શિક્ષકનું નામ ભાગ્યેજ લેવાય છે, પણ ફલાણી શાળાનો શિક્ષક કે શિક્ષિકા એમ જ કહેવાય છે. અહીં વાત છે સામાન્ય. પણ કહેવાનો મૂળ અર્થ એ છે કે, સમાજ આજે પણ શિક્ષકોને ઊચા હોદ્દા પર બેસાડીને, તેને ગૌરવભર્યું સ્થાન આપવા માંગે જ છે. સમાજ શિક્ષકને દેવ સમાન અને શાળાને મંદીર સમાન ગણે છે. માટે જ નાની અમથી શિક્ષકથી થયેલ ભૂલ કે નકારાત્મક વર્તનને સમાજ સ્વીકારતો નથી. પણ શિક્ષકના આવા વર્તનથી બદનામ મંદીર સમાન શાળાએ થવાનું આવે છે જેનું ભારોભાર દુ:ખ છે. આવા દુ:ખમાં ઘટાડો થાય તેવી પ્રભુને પ્રાર્થના.